

દક્ષિણ લેબનોનના એક ગામમાં યોજાયેલ ઉનાળુ ગધેડા દોડ સ્પર્ધામાં ગર્દભોને જાત જાતના વાઘા પહેરાવવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં ગધેડાઓને ધનુષ આકારના રિબન, સનગ્લાસ પણ પહેરાવવામાં આવ્યા હતા અને ખરીઓ ફૂલોથી શણગારવામાં આવી હતી. સ્પર્ધા જોવા આવેલા દર્શકો પોતાના મોબાઇલ ફોન વડે ગધેડાઓના ફોટા પાડી રહ્યા હતા. આ સ્પર્ધામાં કેવિન નાખલેહ નામનો ૨૧ વર્ષીય સ્પર્ધક વિજેતા બન્યો હતો. દક્ષિણ લેબનોનના રાઉમ ગામમાં રવિવારે આ પરંપરાગત હરિફાઇ યોજાઇ હતી.

# લખનૌ દેશમાં સૌથી સ્વચ્છ હવા ધરાવતું શહેર

**‘સ્વચ્છ** વાયુ સર્વેક્ષણ’માં ઇન્દોરને પાછળ મૂકી દીધું, મોટા શહેરોમાં ઇન્દોર બીજા, જબલપુર ત્રીજા ક્રમે

**૩થી ૧૦** લાખની વસ્તીવાળા શહેરોમાં ઓડિશાનું રૂરકેલા પ્રથમ સ્થાને

નવી દિલ્હી, તા. ૭: રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ હેઠળ ઉત્તર પ્રદેશનું લખનૌ, અને ઓડિશાના રૂરકેલા તથા કલિંગા નગર સૌથી સારું પ્રદર્શન કરનારા શહેરો તરીકે ઉભરી આવ્યા છે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયે સોમવારે ‘સ્વચ્છ વાયુ સર્વેક્ષણ પુરસ્કાર’ની પાંચમી આવૃત્તિમાં તેમના પ્રયાસોને સન્માનિત કર્યા હતા.

વર્ષ 2022-23માં જાહેર કરવામાં આવેલા ‘સ્વચ્છ વાયુ સર્વેક્ષણ ફ્રેમવર્ક’ના આધારે દેશભરના શહેરો અને નગરોનું રેન્કિંગ કરવામાં આવ્યું હતું. આ ફ્રેમવર્કમાં રસ્તા પર ધૂળ, વાહનોના ઉત્સર્જન અને ઔદ્યોગિક પ્રદૂષણ વગેરેને પહોંચી વળવાના પગલાં નક્કી કરવામાં આવ્યા હતા. 10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરો કે નગરોની શ્રેણીમાં લખનૌ પ્રથમ ક્રમે રહ્યું છે, જ્યારે મધ્ય પ્રદેશનું ઇન્દોર અને જબલપુર અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે રહ્યા છે. આ શ્રેણીમાં રાજસ્થાનનું કોટા, પશ્ચિમ બંગાળનું કોલકાતા અને તમિલનાડુનું મદુરાઈ સૌથી નીચલા ક્રમે રહ્યા હતા. 3 લાખથી 10 લાખની વસ્તી ધરાવતા શહેરો કે નગરોની શ્રેણીમાં રૂરકેલા બાદ ઉત્તર પ્રદેશનું ફિરોઝાબાદ અને આંધ્ર પ્રદેશનું ગુંટુર આવે છે. આ શ્રેણીમાં છેલ્લા ત્રણ શહેરો બિહારનું ગયા, કર્ણાટકનું ગુલબર્ગા અને પંજાબનું જલંધર હતા. ત્રણ લાખથી ઓછી વસ્તી ધરાવતા શહેરો અથવા નગરોની શ્રેણીમાં કલિંગાનગર ટોચ પર રહ્યું. ત્યારબાદ ઓડિશાના અંગુલ અને તાલચેરનો ક્રમ આવે છે. સૌથી નીચે નાગાલેન્ડનું કોહિમા, પંજાબનું ડેરા બસ્સી અને મેઘાલયનું બાયરનીહાટ હતા. જોકે, સર્વેક્ષણમાં પ્રથમ સ્થાન મેળવ્યા છતાં લખનઉ હજુ પણ રાષ્ટ્રીય સ્તર પર નિર્ધારિત વાર્ષિક PM10 માનક 60 માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરને પૂર્ણ કરી શક્યું નથી. રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્મના પોર્ટલ અનુસાર, શહેરમાં વાર્ષિક PM10 સ્તર 2017-18માં 250 માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર હતું, જે ઘટીને હવે 137 માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર રહી ગયું છે. બીજા પણ અનેક શહેરો નિર્ધારિત માનક પુરા કરી શક્યા નથી.

# દિલ્હી ઈમારત ધરાશાયી કેસમાં મકાનમાલિક પરિવારની ધરપકડ

**મૃત્યુઆંક** વધીને 7 થયો

**મુખ્યમંત્રી** રેખા ગુપ્તાએ બીજા દિવસે પણ સ્થળની મુલાકાત લીધી, ડેપ્યુટી કમિશનર સહિત 5 અધિકારી સસ્પેન્ડ

**બેઝમેન્ટમાં** પાણી ભરાવાથી 30 વર્ષ જૂની બિલ્ડિંગ ધરાશાયી થઇ હોવાનો ખુલાસો

### તમે જવાબદારીમાંથી છટકી ન શકો: દિલ્હી હાઈકોર્ટ

સત્ય નિકેતન બિલ્ડિંગ દુર્ઘટના મામલે દિલ્હી હાઈકોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરતાં એમસીડી (MCD)ના ઉચ્ચ સ્તરે તપાસના આદેશ આપ્યા છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, ‘સરકાર અને સ્થાનિક તંત્ર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. હાઈકોર્ટે આ ઘટનાને અત્યંત કમનસીબ ગણાવીને તંત્રની બેદરકારીને જવાબદાર ઠેરવી હતી. ચીફ જસ્ટિસે અવલોકન કર્યું હતું કે, રાજધાનીમાં દેશભરમાંથી ભણવા આવતા વિદ્યાર્થીઓ માટે આવા અસુરક્ષિત પીજી (PG) તેમના જીવન માટે ગંભીર ખતરો બની ગયા છે અને દર બે વર્ષે આવી ઘટનાઓ બને છે. અદાલતે સવાલ ઉઠાવ્યો હતો કે, ‘જો તમે ગેસ્ટ હાઉસને નિયંત્રિત કરી શકો છો, તો પીજી માટે નિયમો કેમ નહીં?’ પરવાનગી બે માળની હોય અને માલિકો ગેરકાયદેસર સાત માળ બનાવી દે છે, જેના કારણે આવી ઘાતક હોનારતો સર્જાય છે.

નવી દિલ્હી, તા. 7 (પીટીઆઇ): દિલ્હીના સત્ય નિકેતન વિસ્તારમાં પાંચ માળની બિલ્ડિંગ ધરાશાયી થવાની ઘટનામાં રવિવારથી ચાલી રહેલું રાહત અને બચાવ કાર્ય 27 કલાક બાદ સોમવારે સાંજે 5.10 વાગ્યે પૂર્ણ થયું છે. આ દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને 7 પર પહોંચ્યો છે, જેમાં 5 વિદ્યાર્થીઓ અને એક 75 વર્ષીય મજૂરનો સમાવેશ થાય છે. કાટમાળમાંથી બચાવવામાં આવેલા 12 લોકો પૈકી 5 ઘાયલો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, જેમાંથી 3ની હાલત અત્યંત ગંભીર છે. બીજી તરફ, દિલ્હી પોલીસે કાર્યવાહી કરતા 81 વર્ષીય મકાનમાલિક હરિરામ (નિવૃત્ત એરફોર્સ સર્જન્ટ), તેમનાં 75 વર્ષીય પત્ની ઉર્મિલા અને 52 વર્ષીય પુત્ર મહેશની ધરપકડ કરી લીધી છે. પોલીસે તેમની સામે ગુનાહિત માનવવધ અને બેદરકારીનો ગુનો નોંધ્યો છે. ઉર્મિલાના નામે મિલકત નોંધાયેલી હતી, જ્યારે પિતા-પુત્ર પીજીનું સંચાલન કરતા હતા.

મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આજે બીજા દિવસે પણ ઘટનાસ્થળની મુલાકાત લઈ બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી અને બેદરકાર અધિકારીઓ સામે સખત કાર્યવાહીની ચેતવણી આપી હતી. મુખ્યમંત્રીની મુલાકાતના ગણતરીના કલાકોમાં જ, મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હી (MCD)એ સાઉથ ઝોનના ડેપ્યુટી કમિશનર રાકેશ કુમાર અને ચાર એન્જિનીયરોને તત્કાલ અસરથી સસ્પેન્ડ કરી દીધા છે.

# ટ્રમ્પના દાવાઓ વચ્ચે ગ્રીનલેન્ડ માટે EUએ તિજોરી ખોલી: 232 મિલિયન ડોલરનું પેકેજ

**યુરોપિયન** યુનિયનના પ્રમુખે ગ્રીનલેન્ડને ગણાવ્યું ‘ભરોસાપાત્ર મિત્ર’

ગ્રીનલેન્ડમાં 11 નાટો દેશોની લશ્કરી કવાયત ‘આર્કટિક શીલ્ડ’ શરૂ થઈ, યુએસ સૈનિક સામેલ નહીં

બ્રસેલ્સ, તા. 7 (એપી): યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને સોમવારે ગ્રીનલેન્ડ માટે 200 મિલિયન યુરો (લગભગ 232 મિલિયન ડોલર)ના રોકાણ પેકેજની જાહેરાત કરી છે. યુરોપિયન યુનિયન (EU)આ વિશાળ દ્વીપ સાથે પોતાના સંબંધો મજબૂત કરવા માગે છે. ગ્રીનલેન્ડના વડા પ્રધાન જેન્સ-ફ્રેડરિક નીલસન અને ડેનમાર્કના વડા પ્રધાન મેટ ફ્રેડરિક્સેન સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા બાદ વોન ડેર લેયેને કહ્યું કે, ‘ગ્રીનલેન્ડ ઈયુ પર ભરોસો રાખી શકે છે. આ ભાગીદારી શિક્ષણ, મત્સ્યોદ્યોગ, ઈન્ટરનેટ કનેક્ટિવિટી, હાઈડ્રોપાવર સિસ્ટમ અને મહત્વપૂર્ણ ખનિજોના ઉપયોગ ક્ષેત્રે નવી તકો ઊભી કરશે.’ ગ્રીનલેન્ડ એ નાટો (NATO)ના સાથી દેશ ડેનમાર્કનું અર્ધ-સ્વાયત્ત ક્ષેત્ર છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સુરક્ષાના કારણોસર ગ્રીનલેન્ડ પર અમેરિકાના નિયંત્રણનો આગ્રહ રાખવાનું શરૂ કર્યા બાદ યુરોપિયન યુનિયને આ ટાપુ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ટ્રમ્પના દાવાઓથી ગ્રીનલેન્ડ અને ડેનમાર્કના નેતાઓએ સાર્વભૌમત્વ અંગે ચિંતા વ્યક્ત કરી હતી, જેનાથી નાટો સાથીઓમાં ચિંતા વધી હતી. દરમિયાન, સોમવારથી ગ્રીનલેન્ડમાં 11 નાટો દેશોની લશ્કરી કવાયત ‘આર્કટિક શીલ્ડ’ શરૂ થઈ છે, જેમાં આશરે 400 લશ્કરી જવાનો ભાગ લઈ રહ્યા છે. જોકે, 18 સપ્ટેમ્બર સુધી ચાલનારી આ કવાયતમાં અમેરિકી સૈનિકો ભાગ લઈ રહ્યા નથી.

# મારુતિ સુઝુકી પસંદગીના મોડેલો પર રૂ. 20,000 સુધીનો ભાવવધારો કરશે

**કંપનીનો** મે મહિના પછી ત્રીજી વખત ભાવવધારો

નવી દિલ્હી, તા. 7 (પીટીઆઈ) કાર બજારની અગ્રણી કંપની મારુતિ સુઝુકી ઈન્ડિયાએ સોમવારે વધતા જતા ઈનપુટ ખર્ચ અને ફુગાવાના દબાણનું કારણ આપીને પસંદગીના મોડેલોની કિંમતોમાં રૂ. 20,000 સુધીના અન્ય એક ભાવવધારાની જાહેરાત કરી છે - મે પછી આ તેનો ત્રીજો ભાવવધારો છે - જે આ મહિનાથી અમલમાં આવશે.

કંપની દ્વારા અગાઉ જાહેર કરાયેલા બે ભાવવધારા તેના પોર્ટફોલિયોના તમામ મોડેલો માટે હતા. એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં મારુતિ સુઝુકી ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, ‘‘ઈનપુટ ખર્ચમાં સતત થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખીને કંપનીએ પસંદગીના મોડેલો પર રૂ. 20,000 સુધીનો ભાવવધારો કરવાનો નિર્ણય લીધો છે.

## પેજ 3

# ‘હું લગ્નોમાં રૂ. 2 લાખ માટે નાચું છું’: રાહુલ રોયે છલકાવ્યું આર્થિક તંગીનું દર્દ



મુંબઈ, તા. 7 : ‘આશિકી’, ‘ઝુનૂન’, ‘ફિર તેરી કહાની યાદ આયી’ વગેરે જેવી ફિલ્મોમાં તેમના રોલ માટે જાણીતા અભિનેતા રાહુલ રોયે તાજેતરમાં તેમની આર્થિક તંગી વિશે ખુલ્લીને વાત કરી હતી. રાહુલ, જેમને 2020માં બ્રેઇન સ્ટ્રોક આવ્યો હતો, તેઓ કહે છે કે ત્યાર પછી કામ મળવું મુશ્કેલ બની ગયું છે. “મારે ખર્ચાઓ છે અને મને પૈસાની જરૂર છે. 2020માં મને બ્રેઇન સ્ટ્રોક આવ્યા પછી કામ મળવું મુશ્કેલ હતું. ત્યારથી પાંચ વર્ષ થઈ ગયા છે અને વસ્તુઓ ચાલુ રાખવા માટે હું જે કરી શકતો હતો તે કરી રહ્યો છું. ક્યારેક, હું લગ્નોમાં નાચીને રૂ. 2 લાખ કે 4 લાખ કમાઈ લઉં છું. જે લોકો મને ટ્રોલ કરે છે તેઓ નથી જાણતા કે આ મહેનતનું કામ છે. મારે પણ મારી રોજીરોટી કમાવવાની છે.”

## સંજય દત્તે કહ્યું- જેલમાં રહેવા છતાં મરાઠી ન શીખી શક્યો



મુંબઈ, તા. 7: મહારાષ્ટ્રમાં મરાઠી ભાષા પર ચાલતા વિવાદ વચ્ચે બોલિવૂડ અભિનેતા સંજય દત્તે મરાઠીમાં બોલવાનો ઇનકાર કર્યો હતો. થાણેમાં શિવસેના (શિંદે જૂથ)ના મંત્રી પ્રતાપ સરનાઈકના દહી હાંડી કાર્યક્રમમાં જ્યારે મંત્રીએ તેમને મરાઠીમાં બોલવા કહ્યું, ત્યારે સંજય દત્તે રમુજી અંદાજમાં કહ્યું કે, ‘હું 6 વર્ષ યરવડા જેલમાં રહ્યો છતાં મરાઠી શીખી ન શક્યો.’ મંચ પર સરનાઈક અને સંજયની વાતચીત સાંભળી ત્યાં હાજર નેતાઓ હસી પડ્યા હતા. આ નિવેદન પર ભાજપ વિધાયક નરેન્દ્ર મહેતાએ તીખી પ્રતિક્રિયા આપતા કહ્યું કે, મંત્રીઓ કલાકારો સામે હસે છે, પરંતુ ગરીબ ઓટો ચાલકો પર મરાઠી બોલવાનું દબાણ કરે છે. બીજી તરફ, સોશિયલ મીડિયા પર સંજય દત્તને ટ્રોલ કરવામાં આવી રહ્યા છે.

# ટ્રમ્પે ઈરાનના નકશા પર પોતાનો ફોટો મૂક્યો

**ઈરાનના** મુખ્ય તેલ નિકાસ કેન્દ્ર પર બોમ્બમારાના AI ફોટા સાથે લખ્યું ‘બાય-બાય ખાર્ગ’

**સોશિયલ** મીડિયા પર 1 કલાકમાં 7 આક્રમક પોસ્ટ

**પોસ્ટમાં** કહ્યું ઈરાનની તેલ નિકાસ તબાહ થઈ છે

વોશિંગ્ટન, તા. 7: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે સોશિયલ મીડિયા પર 1 કલાકની અંદર એક પછી એક 7 આક્રમક પોસ્ટ કરી છે. આ પોસ્ટ્સમાં તેમણે ઈરાનની ભાંગી પડેલી અર્થવ્યવસ્થા, ઘટતી તેલની નિકાસ અને કંગાળ થતી કરન્સીને નિશાન બનાવી હતી. સાતેય પોસ્ટનો અલગ-અલગ સંક્ષિપ્ત અનુવાદ નીચે મુજબ છે:

1. ઈરાનના નકશાને ટ્રમ્પનો ચહેરો આપ્યો: આ ગ્રાફિકમાં ઈરાનના નકશાની સીમાઓને એવી રીતે બદલવામાં આવી છે કે તેનો આકાર ટ્રમ્પના સાઈડ ફેસ જેવો દેખાય.

2. હોર્મુઝથી તેલ સપ્લાય ઘટી: ટ્રમ્પે દાવો કર્યો કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી દરરોજ થતું 2 કરોડ બેરલ તેલનું પરિવહન ઘટીને હવે 1.8 કરોડ બેરલ થઈ ગયું છે.

3 ઈરાનની તેલ નિકાસ તબાહ: આ ગ્રાફિકમાં બતાવવામાં આવ્યું કે 2025ના પ્રારંભમાં ઈરાનની દૈનિક 20 લાખ બેરલની તેલ નિકાસ 2026માં ઘટીને લગભગ શૂન્ય થઈ ગઈ છે.

4. ઈરાનમાં ભયાનક મોંઘવારી : ટ્રમ્પે ગ્રાફિકમાં લખ્યું કે ઈરાનમાં ભાવવધારો કાબૂ બહાર ગયો છે અને ચલણનું મૂલ્ય તળિયે બેસી જતાં આખી અર્થવ્યવસ્થા કંગાળ બની છે.

5 ઈરાની કરન્સી ‘રિયાલ’ બરબાદ: એક ડોલર સામે રિયાલની કિંમત 2025ની શરૂઆતમાં 9 લાખ હતી, જે ઓગસ્ટ 2026ના આંકડા મુજબ ઘટીને 22.7 લાખ રિયાલથી પણ વધુ થઈ ગઈ છે.

6 ખાર્ગ આઈલેન્ડ પર બોમ્બમારો - ‘બાય-બાય ખાર્ગ’: ટ્રમ્પની સૌથી આક્રમક AI ગ્રાફિક્સ પોસ્ટમાં ઈરાનના મુખ્ય તેલ નિકાસ કેન્દ્ર ‘ખાર્ગ દ્વીપ’ પર ફાઈટર જેટ્સ બોમ્બમારો કરતા દેખાયા હતા, જેના પર લખ્યું હતું: ‘બાય-બાય ખાર્ગ.’

7. ઈરાનને ‘નિષ્ફળ દેશ’ ગણાવ્યો: આખરી પોસ્ટમાં ઈરાનનો નકશો મૂકીને ટ્રમ્પે લખ્યું કે ઈરાન એક નિષ્ફળ દેશ બની રહ્યો છે અને ત્યાં ચાલતી સરકાર દેશને સંભાળવામાં સંપૂર્ણપણે અસમર્થ છે.

# સિંગાપુરમાં ભારતીય સમુદાય વિરુદ્ધ નફરતનો પવન

**નેપાળ** પૂર અને એર ઇન્ડિયા મુદ્દે વંશીય ટિપ્પણીઓ સામે પીએમ લોરેન્સ વોંગે આપી ચેતવણી

**ભારતીય** મૂળના ગૃહમંત્રી શનમુગમે વિદેશીદ્વેષી ટિપ્પણીઓને ‘શરમજનક’ ગણાવી પોલીસ તપાસના આદેશ આપ્યા

નવી દિલ્હી, તા. 7: નેપાળમાં આવેલા વિનાશક પૂર અને એર ઈન્ડિયામાં સિંગાપુર એરલાઈન્સ (SIA)ના રોકાણના મુદ્દે સોશિયલ મીડિયા પર ભારતીયો વિરુદ્ધ વંશીય ટિપ્પણીઓ વધી જતાં સિંગાપુર સરકારે કડક કાર્યવાહી કરવાની જાહેરાત કરી છે. સિંગાપુરના વડા પ્રધાન લોરેન્સ વોંગ અને ગૃહમંત્રી કે. શનમુગમે ચેતવણી આપી છે કે કોઈપણ સમુદાય પ્રત્યેના પૂર્વગ્રહ કે નફરતને ક્યારેય સ્વીકારી શકાય નહીં, કારણ કે તેનાથી દેશની બહુસાંસ્કૃતિક એકતાને નુકસાન પહોંચે છે.

સિંગાપુરના વડા પ્રધાનનું આ નિવેદન ભારતીય મૂળના ગૃહમંત્રી શનમુગમના એ નિવેદનના એક દિવસ પછી આવ્યું છે, જેમાં તેમણે કહ્યું હતું કે પોલીસ “શરમજનક, ગંદી અને તદ્દન અસ્વીકાર્ય” એવી જાતિવાદી અને વિદેશીદ્વેષી ટિપ્પણીઓની તપાસ કરી રહી છે.

ગૃહમંત્રી શનમુગમે આ વિદેશીદ્વેષી અને જાતિવાદી ટિપ્પણીઓને ‘શરમજનક અને અસ્વીકાર્ય’ ગણાવીને પોલીસ તપાસના આદેશ આપ્યા છે. નેપાળ પૂર બાદ ગુમ થયેલા 9 સિંગાપુરી નાગરિકો ભારતીય મૂળના દેખાતા હોવાથી રાહત કાર્યો અટકાવવાની અમાનવીય ટિપ્પણીઓ કરવામાં આવી હતી, જ્યારે એર ઈન્ડિયામાં રોકાણ મુદ્દે ભારતીય મૂળના CEO પર પક્ષપાતના ખોટા આક્ષેપો કરાયા હતા.

પોલીસે ગુનાહિત ટિપ્પણી કરનારાઓ સામે તપાસ શરૂ કરી છે અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને આવા કન્ટેન્ટને હટાવવા સૂચના આપી છે. પૂર્વ વડા પ્રધાન લી સિયાન લૂંગે પણ નાગરિકોને નફરત ફગાવીને એકતા જાળવી રાખવા અપીલ કરી છે.

ચીની મૂળના લોકોનું પ્રભુત્વ ધરાવતા સિંગાપુરના સમાજમાં ભારતીયોને રોજિંદા જીવનમાં વંશીય ભેદભાવનો સામનો કરવો પડે છે. દેશમાં ભારતવિરોધી નફરતનું એક મુખ્ય કારણ એ છે કે વસતીના પ્રમાણની સરખામણીએ ભારતીય સમુદાયનું ઊંચું સામાજિક-આર્થિક સ્તર તેમને સિંગાપુરમાં એક સમૃદ્ધ અને સફળ સમુદાય તરીકે સ્થાપિત કરે છે.




# કારને ચોરીથી બચાવવા ક્રેન વડે ટેરેસ પર ચડાવી!

**બિહારના** ગોપાલગંજનો એક શખ્સ ઇઝરાયેલમાં નોકરી કરે છે, વિદેશ જતાં પહેલા નવી ખરીદેલી કારને બીજા માળના ધાબા પર મૂકાવી દીધી

ગોપાલગંજ, તા. ૭: બિહારના ગોપાલગંજમાં એક વ્યક્તિએ પોતાની નવી ખરીદેલી મહિન્દ્રા સ્કોર્પિયો ક્લાસિકને ચોરીથી બચાવવા માટે એક અનોખો ઉપાય શોધી કાઢ્યો. તેમણે ક્રેનની મદદથી આ એસયુવી કારને પોતાના ઘરના બીજા માળના ધાબા પર ચડાવી દીધી હતી.

સોશિયલ મીડિયા પર આ વાયરલ વિડીયોમાં કારને હવામાં ઊંચકીને ઘરના ધાબા પર સાવધાનીપૂર્વક મુક્તી જોઈ શકાય છે. ટૂંકી ક્લિપમાં દેખાય છે કે ક્રેન વડે બે માળના મકાનના ધાબા પર ગાડીને ધીમે-ધીમે પહોંચાડવામાં આવે છે અને પછી છત પર ગોઠવવામાં આવે છે. આ કાર મનોજ યાદવ નામના વ્યક્તિની છે, જેમણે તાજેતરમાં જ તે ખરીદી હતી. મનોજ યાદવ ઈઝરાયેલમાં નોકરી કરે છે અને વિદેશ જતા પહેલાં ગાડી ડ્રાઈવરના ભરોસે છોડી ગયા હતા. પરંતુ બાદમાં ડ્રાઈવર નોકરી છોડીને જતો રહેતા કારની સુરક્ષાને લઈને ચિંતા ઉભી થઈ હતી. તેથી, કાર ચોરાઈ ન જાય તે માટે પરિવારે તેને ઘરના ધાબા પર જ મૂકી દેવાનો નિર્ણય કર્યો. ધાબાની વજન સહન કરવાની ક્ષમતા કેટલી છે અથવા ત્યાં વાહન રાખવું કેટલું સલામત છે તે અંગે કોઈ સત્તાવાર માહિતી મળી નથી. વાયરલ વિડીયો અને સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, ધાબા પર મુકેલી સ્કોર્પિયોનો આ અનોખો નજારો સોશિયલ મીડિયા પર ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

# સુપ્રીમ કોર્ટે અરવલ્લી સમિતિની સમયમર્યાદા વધારવાની માગ ફગાવી

**30** નવેમ્બર સુધીમાં આખરી અહેવાલ સોંપવા આદેશ

**અરવલ્લી** રિપોર્ટ માટે દિવસ-રાત એક કરો: સુપ્રીમ

**સમિતિએ** ગુજરાત અને રાજસ્થાનના આદિવાસી સમુદાયો સહિતના તમામ હિતધારકોની રજૂઆતો સાંભળવી પડશે

નવી દિલ્હી, તા. 7 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે સોમવારે અરવલ્લી પર્વતમાળાની વ્યાખ્યા અને તેના સંરક્ષણ અંગે આખરી અહેવાલ રજૂ કરવા માટે હાઈ-પાવર્ડ કમિટી (HPC) દ્વારા માગવામાં આવેલો 6 મહિનાનો સમયગાળો લંબાવવાની અરજીને ફગાવી દીધી છે. ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે સમિતિને 30 નવેમ્બર સુધીમાં પોતાનો અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે અને ચેતવણી આપી છે કે જો સમિતિ તેમ કરવામાં નિષ્ફળ જશે તો સમગ્ર કમિટીની પુનઃરચના કરવામાં આવશે. ચીફ જસ્ટિસે ટાંક્યું હતું કે કમિટીએ કલમના એક જ ઝાટકે છ મહિનાનો સમય વધારવાની માગ કરી લીધી છે અને એવું લાગે છે કે સમિતિ તેમના નિવૃત્ત થવાની રાહ જોઈ રહી છે.

અરવલ્લી મુદ્દે પોતાનો આખરી અહેવાલ રજૂ કરવા માટે સુપ્રીમ કોર્ટ દ્વારા નિમણૂક કરવામાં આવેલી આ સમિતિએ અદાલત પાસે વધુ છ મહિનાનો સમય માગ્યો હતો. કમિટીનું કહેવું હતું કે અરવલ્લી પર્વતમાળાનું ‘વ્યાપક અને બચાવ યોગ્ય’ મૂલ્યાંકન કરવા માટે તેમને વધુ સમયની જરૂર છે.

બેન્ચે સખત વલણ અપનાવતા અવલોકન કર્યું હતું કે, ‘અરવલ્લી મુદ્દે અહેવાલ દાખલ કરવા માટે સમિતિએ દિવસ-રાત કામ કરવું જોઈએ. જો તેઓ આગામી બે મહિનામાં અહેવાલ રજૂ કરવામાં અસમર્થ રહેશે, તો અમે આખી પેનલ બદલી નાખીશું.’ અદાલતે સ્પષ્ટ કર્યું કે સમિતિએ રાજસ્થાન અને ગુજરાતના આદિવાસી સમુદાયો સહિતના તમામ હિતધારકોની રજૂઆતો સાંભળવી પડશે.સર્વોચ્ચ અદાલતે આ મામલાની આગામી સુનાવણી 2 ડિસેમ્બરના રોજ નક્કી કરી છે.

# હકીકતમાં જીતી ન શકતા પાકિસ્તાને એઆઈ એનિમેશનનો સહારો લીધો

**32** ભારતીય એરબેઝ અને સંસદ પર હુમલાનો બોગસ દાવો

**સેટેલાઇટ** પુરાવા વગરના દાવાઓ સામે યુઝર્સે સોશિયલ મીડિયાાં ઉડાવી મજાક

નવી દિલ્હી, તા. 7: પાકિસ્તાની સેનાએ મે 2025ના ભારત સાથેના સંઘર્ષ અંગે ‘ફિઝાઓં કે પાસબાન’ શીર્ષક હેઠળ એક ગ્રાફિક્સ અને AI એનિમેશન આધારિત વીડીયો જાહેર કર્યો છે. આ વીડિયોમાં પાકિસ્તાને દાવો કર્યો છે કે તેણે ભારતના 32 એરફોર્સ બેઝ, 4 રાફેલ સહિત 8 વિમાનો, 2 S-400 એર ડિફેન્સ સિસ્ટમ, નેશનલ પાવર ગ્રીડ અને ફ્યુઅલ સપ્લાય લાઇન તબાહ કરી દીધા છે. એનિમેશનમાં ભારતીય સંસદ અને INS વિક્રાંત પર મિસાઇલ હુમલા થતા પણ દર્શાવાયા છે.

હકીકતમાં પાકિસ્તાને પોતાના દાવા માટે એકપણ સેટેલાઇટ તસવીર કે પુરાવો રજૂ કર્યો નથી. આ ફેક વીડિયો વાયરલ થતાં સોશિયલ મીડિયા પર પાકિસ્તાનની ભારે મજાક ઊડી રહી છે. યુઝર્સે કહ્યું કે વાસ્તવિકતામાં જીતી ન શકતા તેમણે AI અને એનિમેશનનો સહારો લેવો પડ્યો છે.

ભારતીય સંરક્ષણ મંત્રાલય અને PIBની ફેક્ટ ચેક યુનિટે S-400ના વિનાશના દાવાને અગાઉ જ પાયાવિહોણો ગણાવ્યો હતો, જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આદમપુર એરબેઝ પર સુરક્ષિત S-400 સામે ઊભા રહીને આ દાવાઓ ફગાવી દીધા હતા.

બીજી તરફ, ભારતે જ્યારે પાકિસ્તાનના સૈન્ય સ્થળો પર હુમલો કર્યો હતો ત્યારાદ ‘વોશિંગ્ટન પોસ્ટ’ના સેટેલાઇટ પૃથ્થકરણમાં સામે આવ્યું હતું કે ભારતીય હુમલામાં પાકિસ્તાનના નૂર ખાન, ભોલારી અને શાહબાઝ સહિતના 6થી વધુ લશ્કરી એરફિલ્ડ, રનવે અને હેંગરોને ભારે નુકસાન પહોંચ્યું હતું. અસીમ મુનીરના કહેવાતા વિજયના ગાણાં ગાવા પાકિસ્તાન સેનાએ માત્ર એનિમેશનનો ગ્રાફિક પેકેજ તૈયાર કર્યો છે.

# લેબનોનના ગામ પર ઈઝરાયેલનો હવાઈ હુમલો

**મહિલાઓ** બાળકો સહિત 12નાં મોત

**યુદ્ધવિરામ** છતાં ઇઝરાયેલ અને હિઝબુલ્લાહ સામસામે, રહેણાંક ઇમારત અને કાર પર રોકેટ ઝીંકાયા

ક્ફાર રુમ્મન (લેબનોન), તા. 7 (એપી): દક્ષિણ લેબનોનના ક્ફાર રુમ્મન ગામ પર સોમવારે વહેલી સવારે ઈઝરાયેલી હવાઈ દળ દ્વારા કરવામાં આવેલા બે હવાઈ હુમલામાં મૃત્યુઆંક વધીને 12 પર પહોંચ્યો છે, જેમાં બે બાળકો, ચાર મહિલાઓ અને એક પેરામેડિકનો પણ સમાવેશ થાય છે, તેમ લેબનોનના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

બે મહિના પહેલાં થયેલા યુદ્ધવિરામ કરાર છતાં ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે તણાવ વધતાં આ હુમલા કરવામાં આવ્યા છે. ઈઝરાયેલી સૈન્યના જણાવ્યા મુજબ, હિઝબુલ્લાહના લડાકુઓ દ્વારા અલી તાહેર પહાડી વિસ્તારમાં સૈનિકો પર વિસ્ફોટક ડ્રોન હુમલા કરવામાં આવ્યા હતા, જેના જવાબમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. ઈઝરાયેલે દાવો કર્યો છે કે તેમણે ક્ફાર રુમ્મનમાં હથિયારોની હેરફેર કરી રહેલા હિઝબુલ્લાહના આતંકવાદીઓને નિશાન બનાવ્યા હતા.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, એક હુમલો એક ઈમારત પર થયો હતો, જેમાં એક બાળક અને બે મહિલાઓ સહિત આઠ લોકોનાં મોત થયાં હતાં અને 11 લોકો ઘાયલ થયા હતા. બીજા હુમલામાં એક કારને નિશાન બનાવાતા લેબનીઝ ઈસ્લામિક રિસાલા સ્કાઉટ એસોસિએશનના એક પેરામેડિકનું મોત થયું હતું અને અન્ય બે ઘાયલ થયા હતા.

બીજી બાજુ યમનમાં ઈરાન સમર્થિત હૂથી વિદ્રોહીઓએ ઉત્તરીય પ્રદેશ જવાફના આકાશમાં સાઉદી અરેબિયાના એક સશસ્ત્ર જાસૂસી વિમાનને તોડી પાડવાનો દાવો કર્યો છે. પાછલા 24 કલાકમાં કુલ 3 સાઉદી ડ્રોન તોડી પાડવામાં આવ્યા હોવાનો દાવો છે.

સંયુક્ત અરબ અમીરાત (UAE)ના વરિષ્ઠ કૂટનીતિજ્ઞ અનવર ગરગાશે સ્પષ્ટ કર્યું છે કે હોર્મુઝની સામુદ્રધુની જેવા આંતરરાષ્ટ્રીય જળમાર્ગ પર કોઈ એક દેશનો કબજો હોઈ શકે નહીં.